## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**અમે તો વાંચે ગુજરાત, દોડે ગુજરાત એવા સ્લોગન આપ્યા.. પરંતુ અત્યારે તો પરણે - ગુજરાત થતું હોય તેવું લાગી રહ્યું છે...!!**

# સિવિલમાં જુનિયર ડોકટરોની હડતાલથી આરોગ્ય સેવાને અસર

ગાંધીનગર, તા.૯

જુનિયર ડોકટરોની વિવિધ પડતર માંગણીઓને લઈ મેડીકલ કોલેજના જુનીયર ડોકટર એસોસિએશન દ્વારા અગાઉ આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. તેમ છતા જુનિયર ડોકટરો તરીકે પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને ફરજ સોંપવામાં આવતી નથી. જેને પગલે છેલ્લા બે દિવસથી ગાંધીનગર મેડીકલ કોલેજના ૪૦ થી વધુ જુનિયર ડોકટરોએ હડલાતનું શસ્ત્ર ઉગામ્યું છે. જુનિયર ડોકટરોની હડતાલને પગલે હોસ્પિટલની આરોગ્ય સેવા પર પણ ખાસ અસર જોવા મળી છે. જયારે હોસ્પિટલમાં આવતા દર્દીઓનો કોઈ તકલીફનો સામનો કરવો ન પડે તો માટે સીએચસી અનો પીએચસીમાંથી ૧૨ થી વધુ ડોકટરોને ગાંધીનગર સિવિલ ખાતે બોલાવી દઈને ફરજ સોંપવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટમાં ફરજ બજાવતા બીજા અને ત્રીજા વર્ષના ૪૦ થી વધુ રેસી.ડોકટર્સ છેલ્લા બે દિવસથી હડતાલ પર છે. ડોકટરો હડતાલ પર જતા ઓપીડીમાં દર્દીઓની લાંબી લાઈનો લાગી છે. ઓપીડીમાં દર્દીઓની ફરીયાદ ના ઉઠે તે માટે જે તે વિભાગના એચઓડી દ્વારા ફેકલ્ટીઓને ઓપીડીમાં હાજર રહેવા માટે સુચના આપી દીધી હતી. પરંતુ તેની ડોકટરોની હડતાલની અસર વોર્ડમાં પણ જોવા મળી રહી છે. દર્દીઓને તપાસમાં માટે છેલ્લા બે દિવસથી કોઈ ગયું જ નથી. જેથી દર્દીઓમાં પણ રોષ ભભુકી ઉઠચો છે. તો બીજી બાજુ તાત્કાલીક વિભાગમાં પહોંચી વળવા માટે સિવિલ તંત્ર દ્વારા ખાસ આયોજન કરાયું હતું. ગાંધીનગર સિવિલ હોસ્પિટમલાં ડોકટરોની હડતાલને પગલે દર્દી તેમજ સિવિલ તંત્રને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સિવિલ કેમ્પસમાં જુનિયર રેસી.ડોકટરો દ્વારા સુત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શીત કર્યો હતો.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે નવા નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુરજકુમાર બારોટ હાજર થયા છે.
- રાજ્યના મહેસુલ વિભાગે આજે ૧૦ જેટલા ડે. કલેક્ટર સંવર્ગના અધિકારીઓની બદલીના હુકમો કર્યા છે.
- જુનિયર રેસિડેન્ટ ડૉક્ટરોની હડતાલની વિપરીત અસરો સિવિલ હોસ્પિટલમાં પડે નહિ તે માટે ૨૦ તબીબી અધિકારીઓને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ડેપ્યુટેશન પર મુકવામાં આવ્યા છે.
- કલોલ સાંતેજના બહુચર્ચિત દબાણો ૧૫મી ડિસે.ના રોજ દૂર કરવાનો કાર્યક્રમ આજે તંત્ર દ્વારા જારી કરવામાં આવ્યો છે.
- શહેર વસાહત મહામંડળ દ્વારા શ્રમિકો અને અંતરિયાળ વિસ્તારમાં રહેતા શ્રમજીવી પરિવારોને ગરમ કપડાનું વિતરણ કરવામાં આવશે.
- પંચમુખી મહાદેવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૩૦ ડિસે.થી ૫ જાન્યુ. દરમ્યાન સંગીતમય ભાગવત્ કથાનું આયોજન કરાયુ છે. કનૈયાલાલજી મહારાજ વ્યાસપીઠે બિરાજશે.
- દહેગામ તાલુકાના હરસોલી ગામમાં સરપંચપદના ૧૧ ઉમેદવારો મેદાનમાં છે.
- પેથાપુર જૈન સમાજ દ્વારા મૂકબધિર બાળકોને ફળ વિતરણ કરવામાં આવ્યુ હતુ.
- માતા-યશોદા એવોર્ડ માટે ૩૧-૧૨-૨૧ સુધીમાં ઓનલાઈન નોમીનેશન કરવા માટે સૂચનાઓ જારી કરાઈ છે.

# દહેગામ મામલતદાર કચેરીમાં મહેસુલ મંત્રીની સરપ્રાઇઝ વિઝીટ

**મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીની અચાનક મુલાકાતથી તંત્રમાં દોડધામ : મંત્રીએ મહેસૂલી અધિકારીઓ અને કર્મચારીઓને આઈકાર્ડ પહેરવા અને નિયમિત હાજરી માટે ટકોર્યા**

ગાંધીનગર, તા.૯

ગુજરાતમાં નવી સરકાર રચાયા બાદ મંત્રીઓ એક્શન મોડ ઉપર છે તેમાં રાજેન્દ્ર ત્રિવેદી આજે સવારે ગાંધીનગર જિલ્લાના દહેગામમાં મામલતદાર કચેરી ખાતે કચેરી ખુલતાં જ અચાનક મુલાકાતે આવી પંહોચતા અધિકારીઓ અને કર્મચારીઓમાં ભારે દોડધામ મચાવી દીધી હતી અને તે સાથે કચેરીમાં અડિંગા જમાવીને બેસતા વચેટીયાઓ ગાયબ જ થઇ જવા પામ્યાં હતાં. મંત્રીએ આ સાથે કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓને આઈકાર્ડ પહેરવાથી તેમજ કચેરીમાં નિયમિત હાજરી માટે કડક સુચનાઓ આપી હતી.

રાજયની અનેક મહેસૂલ કચેરીઓમાં અમુક અધિકારીઓ તથા કર્મચારીઓ પોતાની મનમાની ચલાવી અરજદારોને ધક્કા ખવડાવતા હોવાની રાવ વારંવાર ઉઠી રહી છે. જોકે નવી સરકારના મહેસૂલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી એક્શન મોડમાં છે અને જ્યાંથી ફરિયાદ મળે ત્યાં સરપ્રાઈઝ ચેકિંગ કરવા પંહોચી જાય છે. અગાઉ પણ તેઓ આ રીતે અનેક કચેરીઓમાં જઈ ચૂક્યા છે અને અધિકારીઓ અને કર્મચારીઓની પોલ પકડી ચુક્યાં છે. રાજેન્દ્ર ત્રિવેદીએ આજે સવારે દહેગામ ખાતે મામલતદાર કચેરીમાં કચેરી ખુલતાં જ અચાનક આવીને કેટલીક તપાસ કરી હતી જોકે તેમાં કોઈ ગેરરીતિ પકડાઇ નહોતી પરંતુ તેમના આમ અચાનક આવવાથી સમગ્ર તંત્ર પહેલાં તો અવાક થઇ ગયું હતું અને દોડતું થઇ ગયું હતું. અચાનક મંત્રીને આવેલા જોઇને અધિકારીઓ સાથે કર્મચારીઓ પણ સમજી શક્યા નહોતા પણ જ્યારે મંત્રી ઓફિસમાં આવ્યા ત્યારે અધિકારીઓ અને કર્મચારીઓએ તેમની આગતા સ્વાગતા માટે દોડધામ કરી હતી. જોકે મંત્રીએ તેના પર ધ્યાન આપવાને બદલે કચેરીની કામગીરી અંગે પુછપરછ અને તપાસ શરૂ કરી દેતા સમગ્ર સંકુલમાં વાત વાયુવેગે ફેલાઇ ગઇ હતી અને ભારે ઉત્તોજનાનો માહોલ સર્જાયો હતો. આ સાથે રાજેન્દ્ર ત્રિવેદીએ સબ રજિસ્ટ્રાર કચેરીની પણ મુલાકાત લીધી હતી અને અધિકારીઓ તેમજ કર્મચારીઓ સાથે ચર્ચા કરી હતી. આ સાથે તેમણે જણાવ્યું હતું કે, નાગરિકો ટેક્સ ભરે છે અને એના ઉપર આપણે જીવીએ છીએ તેથી તંત્રએ તેમની મદદ માટે હંમેશા તત્પર રહેવું જોઈએ. આ ઉપરાંત મંત્રીએ જણાવ્યું હતું કે દહેગામ મામલતદાર કચેરીમાં અધિકારીઓ તથા કર્મચારીઓ પોતાનું આઈકાર્ડ પહેરતા નથી જેના કારણે મુલાકાતીઓમાં ગેરસમજ ઉભી થાય છે તેથી તેમણે તમામ અધિકારીઓ અને કર્મચારીઓ આઈકાર્ડ પહેરે તે માટે સૂચના આપી છે તેમજ અધિકારીઓ અને કર્મચારીઓ નિયમિત નથી આવતા તેમણે નિયમિત આવવા માટે પણ તાકીદ કરી છે.




આગામી વાઈબ્રન્ટ ગુજરાત સમિટને અનુલક્ષીને શહેરમાં દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આજે શહેરના સેક્ટર-૧૧ના કોમર્શિયલ વિસ્તારમાં દબાણતંત્રએ સપાટો બોલાવતાં અનેક લારી-ગલ્લાં હટાવવાની કામગીરી હાથ ધરી હતી.

## ઉવારસદ જીવણજી ઠાકોરના ચુંટણી કાર્યાલયનો પ્રારંભ



ઉવારસદ ગ્રામ પંચાયતના સરપંચ પદના ઉમેદવાર જીવણજી પ્રતાપજી ઠાકોરના ચુંટણી પ્રચાર કાર્યાલયનો આજે પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યાલય શુભારંભ પ્રસંગે ગામના તમામ વોર્ડના કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. ચુંટણી કાર્યાલયનું ઉદઘાટન ગામના યુવા અગ્રણી ટીનાજી ઠાકોરના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામજનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.




જલીયાણ સેવા ગ્રુપ દ્વારા સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓનો વ્યાપ વધારવામાં આવ્યો છે. વિરપુર ધામમાં વડીલોનો વિસામો એવા માવતર વૃધ્ધાશ્રમમમાં ચા, ખાંડ, ટોસ્ટ તેમજ ઠંડીથી રક્ષણ માટે કાનપટ્ટી, સ્કાફ અને અન્ય ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતુ. જલીયાણ સેવા ગ્રુપના સભ્યો આ સેવાકાર્યમાં જોડાયા હતા.

# જન્મ દિવસે જમવા માટે જઈ રહેલા ત્રણ મિત્રો પૈકી બે ને કાળ ભરખી ગયો

**રાત્રીના સમયે વડોદાર પાટીયા પાસે ડમ્પર-એકટીવા વચ્ચે અકસ્માત, દહેગામ થી અમદાવાદ જમવા માટે જઈ રહ્યા હતા**

ગાંધીનગર, તા.૯

દહેગામ-નરોડા માર્ગ પર વડોદરા પાટીયા નજીક લીલા રાવ પાર્ટી પ્લોટની સામે ગઈ રાત્રે એકટીવા-ડમ્પર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં પાછળના ભાગે થી ડમ્પર ચાલકે એકટીવાને ટક્કર મારી હતી. એકટીવા પર સવાર ત્રણ મિત્રો પૈકી બે મિત્રોનું મૃત્યું નિપજયું હતું.જયારે એક મિત્રને ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. મિત્રનો જન્મ દિવસ હોવાથી ત્રણેય મિત્રો જમવા માટે જઈ રહ્યા હતા. તે સમયે બે મિત્રો કાળનો કોળીયો બની ગયા. જેમાં નીલ અમીનનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યુ મૃત્યુ નિપજયું હતું, તો બીજીતરફ બર્થ ડે બોય મયુર લાખાણીનું ગાંધીનગર સિવિલમાં સારવાર દરમિયાન મૃત્યું નિપજયું હતું. બે મિત્રોના અવસાનથી દહેગામમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. બંન્ને યુવાનો પરિવારના માત્ર એક ના લાડકવાયા હતા. અચાનક તેમના અવસાનથી પરિવાર પર આભ તુટી પડ્યું હતું. પરિવારના હૈયાફાટ રૂદનથી હાજર સૌ કોઈની આંખો ભરાઈ ગઈ હતી. બનાવ અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ દહેગામ શહેરમાં અમીનવાડામાં રહેતા ૨૩ વર્ષિય મયુર સુધીરભાઈ ઠાકોર ગતરોજ તા.૮ ડિસેમ્બરના રોજ તેના મિત્ર મયુર લાખાણીનો જન્મદિવસ હતો. જેથી રાત્રીના સમયે બીજા મિત્ર નિલ ગૌતમભાઈ અમીન ત્રણેય મિત્રો જમવા માટે અમદાવાદ ખાતે નીકળ્યા હતા. એકટીવા મયુર લાખાણી ચલાવી રહ્યો હતો. જયારે મયુર ઠાકોર અને નીલ અમીન પાછળના ભાગે બેઠા હતા. રાત્રીના સાડા આઠ વાગ્યાના સુમારે તેઓ અમદાવાદ તરફ જઈ રહ્યા હતા. તે સમયે અચાનક વડોદરા પાટીયા નજીક થી પસાર થઈ રહ્યા હતા. તે





સમયે લીલારાવ પાર્ટી પ્લોટ સામે ડમ્પર ચાલકે ટ્રક જી. જે. ૦૭. વાય.ઝેડ.- ૭૦૧૮ ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી એકટીવા નં. જી.જે.૧૮.સી.આર.-૭૦૫૩ પાછળથી ટક્કર મારી હતી. જેથી ત્રણેય મિત્રો માર્ગ પર પટકાયા હતા.જેમાં નીલ અમીનને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા સ્થળ પરજ કમકમાટી ભર્યુ મૃત્યુ નિપજયું હતું. જયારે મયુર લાખાણીને ગાંધીનગર સિવિલ ખાતે સારવાર માટે લઈ જવાયો હતો. જેમાં સારવાર દરમિયાન તેનું પ્રાણ પંખેરુ ઉડી ગયુ હતું.જયારે જયારે મયુર ઠાકોરને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયો હતો. બનાવની જાણ થતા સિવિલ હોસ્પિટલ ખાતે પરિવાર સભ્યો દોડી આવ્યા હતા. જયારે નિલ અમીન અને મયુર લાખાણી પરિવારના એક ના એક વ્યાલસોયા હોવાથી ઘરના સભ્યો શોકમાં ગરકાવ થઈ ગયા હતા. બનાવને પગલે ડભોડા પીએસઆઈ એન.એ.વછેટાએ ટ્રક ચાલક સામે ગુનો નોંધી તેની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

# બિહોલા રાજપૂત સમાજના સ્નેહમિલન સમારંભમાં પુસ્તક વિમોચન કરાયું

**ભાવડા ગામે યોજાયેલા સમારંભમાં તેજસ્વી તારલાં સહિત દાતાઓનું સન્માન ક્ષત્રિય વીર સામંતસિંહજી બિહોલાના શૌર્યને ઉજાગર કરતાં પુસ્તકનું વિમોચન**




ગાંધીનગર, તા.૯

ગુજરાત રાજ્યના બિહોલા રાજપૂત સમાજનો સ્નેહમિલન સમારંભ તા. ૫મી ડિસેમ્બર રવિવારે અમદાવાદના દસ્ક્રોઈ તાલુકામાં ભાવડા ગામે યોજાયો હતો. આ સમારંભમાં તેજસ્વી તારલાં સહિત દાતાઓનું સન્માન, વિશિષ્ટ સેવા સન્માન ઉપરાંત 'ક્ષત્રિય શિરોમણી સામંતસિંહજી બિહોલા' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

એડવોકેટ પૃથ્વીસિંહ હજી બિહોલા રતનપુરવાળાના અધ્યક્ષપદે યોજાયેલા બિહોલા રાજપૂત સમાજના સ્નેહમિલન સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે લાલપુરના અભેસિંજી બિહોલા, બાકરોલના ભીખુસિંહજી બિહોલા, અતિથિ વિશેષ પદે વહેલાલના પ્રદીપસિંહજી બિહોલા, ભાવડાના દિલીપસિંહજી બિહોલા અને ગં.સ્વ. દોલતબા નટવરસિંહજી બિહોલા, ગં.સ્વ. મંજુલાબા જશવંતસિંહજી બિહોલા તેમજ ભોજનદાતા ક્ષત્રિય યુવક સંઘના સંઘ શક્તિના સંપાદક તથા તંત્રી મહાવીરસિંહજી બિહોલા ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે પ્રદીપસિંહજી બિહોલાએ સમાજમાં શિક્ષણ માટે ટકોર કરી હતી જ્યારે સમાજના પ્રમુખ છત્રસિંહજી બિહોલાએ સમાજમાં એકતા માટે હાકલ કરી હતી. મહામંત્રી કરણસિંહજી બિહોલાએ સૌને સમાજના વિકાસમાં જોતરાવા અપીલ કરી જ્યારે શૈલેન્દ્રસિંહજી બિહોલાએ સમાજમાં વ્યસનમુક્તિ પર ભાર મૂક્યો હતો. સમાજનો આગામી સ્નેહમિલન સમારંભ માણેકપુર ખાતે યોજાશે તેવી જાહેરાત સાથે સમાપન થયું હતું.

## સેનાના વડા સહિત ૧૧ અધિકારીઓના આકસ્મિક નિધન અંગે શોક વ્યક્ત કરતા રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૯

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે હેલિકોપ્ટર દુર્ઘટનામાં દેશના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવત, તેમના ધર્મપત્ની અને અન્ય ૧૧ સૈન્ય અધિકારીઓના આકસ્મિક નિધન અંગે ઊંડા દૂ:ખની લાગણી વ્યક્ત કરી સદગતને શ્રદ્ધાંજલિ પાઠવી છે.

રાજ્યપાલશ્રીએ તેમના શોક સંદેશમાં જણાવ્યુ છે કે સીડીએસ જનરલ બિપિન રાવત, તેમના ધર્મપત્ની અને અન્ય ૧૧ જવાનોના નિધનથી દેશને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. જનરલ બિપિન રાવતના અનુકરણીય યોગદાનને દેશ ક્યારેય ભૂલી નહીં શકે. પરમ કૃપાળુ પરમાત્મા દિવંગતોના આત્માને ચિરશાંતિ અર્પે, તેવી પ્રાર્થના પણ રાજ્યપાલશ્રીએ વ્યક્ત કરી છે.

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા નાસ્તો વિતરણ કરાયો

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ત્રણ નિશાળોમાં બાળકોને નાસ્તો વિતરણ કરાયો હતો. શામળાજી વિસ્તારની ત્રણ નિશાળોમાં કુલ ૯૦થી વધારે બાળકોને નાસ્તાનું વિતરણ કરાયું હતું. મધ્યાહન ભોજન બંધ હોવાથી બાળકોએ નાસ્તાની મજા માણી હતી. આ નાસ્તાની વ્યવસ્થા રાધે સ્વીટસ એન્ડ નમકીન સે-૨૧ તરફથી કરાઈ હતી. જેમાં ભીમજીભાઈ, વિપુલ, નીખિલભાઈ, અમૃતભાઈ તથા મિલિન્દભાઈએ ઉપસ્થિત રહી સેવા આપી હતી.



**સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ**
**(ગુજરાત સરકારનું સંપુર્ણ સાહસ)**
**જાહેર નિવિદા નં.૧. સને ૨૦૨૧**

સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ગીધીનગરની વડી કચેરી મા એક વર્ષ માટે ઝેરોક્ષ તથા સ્પાઈરલ બાઈડીંગને લગતી કામગીરી કરવા સારૂ રસ ધરાવતી ફકત ગાંધીનગર ખાતે સ્થાયી કાર્યરત ઝેરોક્ષ એજન્સીઓ પારોથી સીલબંધ કવરમા રજી.પો.એ.ડી./ સ્પીડપોસ્ટ થી ભાવો મંગાવવામા આવે છે. જે માટે ટેન્ડર ફી રૂ.૧૧૮૦/- પુરા જમા કરાવ્યેથી કોરા ટેન્ડર ફોર્મ આસી.જનરલ મેનેજર (વહીવટ) બ્લોક નં.૧૨, ચોથો માળ (સ્ટોરશાખા) સચિવાલય–ગાંધીનગરની કચેરીએથી તા.૧૭-૧૨-૨૦૨૧ સાજ ના ૧૭.૦૦ કલાક સુધી જ ભાવો મેળવી લેવાના રહેશે અને ભરેલ ટેન્ડરફોર્મ તા.૨૮-૧૨-૨૦૨૧ ના ૧૬,૦૦ કલાક સુધીમાં પહોંચતા કરવાના રહેશે.

**આસી. જનરલ મેનેજર (વહીવટ)**
**માહિતી/૧૬૫૭/૨૧-૨૨ સ.સ.ન.નિ.લિ. ગાંધીનગર**

**ઇ-ટેન્ડરીંગ જાહેર નિવિદા**
**વર્ષ ૨૦૨૧૨૨**
**ગાંધીનગર મહાનગરપાલિકા**
**બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર- ૧૧, ગાંધીનગર**

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી. | ઈ.એમ.ડી. |
| --- | --- | --- | --- |
| ૪૯/૨૦૨૧-૨૨ | Appointment of Empanelment for civil work and fabrication work to be executed in Gandhinagar Municipal Corporation area as and when required. | રૂ. ૧૨,૦૦૦/- | રૂ. ૫,૦૦,૦૦૦/- |

ટેન્ડર કોર્મ તા. ૧૦/૧૨/૨૦૨૧ થી તા. ૩૦/૧૨/૨૦૨૧ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓન લાઇન વેબ સાઇટ- www.nprocure.com...પરથી ડાઉનલોડ કરી ઓનલાઇન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઇન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કે કરી મોકલવાના રહેશે. ટેક્નિકલ બીડ અને ટેન્ડર ફી ની રકમ તથા ઈ.એમ.ડીના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીના નામે તા. ૩૧/૧૨/૨૦૨૧ થી તા.૦૪/૦૧/૨૦૨૨ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓન લાઈન ઓપનીંગ તા. /૦૧/૨૦૨૧ કરવામાં આવશે

સહિ/-
માહિતી/૧૬૬૦/૨૧-૨૨ મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર